આજે વ્યાજદરના મામલે ફેંસલો

નવી દિલ્હી,તા. ૨૪

ઈપીએફઓ આવતીકાલે સોમવારના દિવસે વર્ષ ૨૦૧૨-૧૩ માટે ૮.૫ ટકાના વ્યાજદર અંગે મહત્વપૂર્ણ નિર્ણય લઈ શકે છે. ઈપીએફઓના ટ્રસ્ટીની બેઠક આવતીકાલે યોજાનાર છે જેમાં વર્ષ ૨૦૧૨-૧૩ માટે તેના પીએફ થાપણો પર પાંચ કરોડથી વધુ ગ્રાહકોને ૮.૫ ટકા વ્યાજદરની ચૂકવણીના સંબંધોમાં અંતિમ નિર્ણય લેવામાં આવી શકે છે. ફાઈનાન્સ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કમીટિ (એફઆઈસી) દ્વારા ૧૫મી ફેબ્રુઆરીના દિવસે વિસ્તારપૂર્વક વિચારણા કરવામાં આવી હતી. એફઆઈસી દ્વારા તૈયાર કરવામાં આવેલી નોંધ ઉપર ગંભીરતાપૂર્વક વિચારણા કરાયા બાદ હવે આવતીકાલે ૮.૫ ટકાના વ્યાજદરના સંબંધમાં નિર્ણય લેવામાં આવી શકે છે. ઈપીએફઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી નોંધમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૧૨-૧૩ માટે ૮.૫ ટકાનો વ્યાજદર શક્ય રહેલો છે. ઈપીએફઓના અંદાજ મુજબ ૮.૬ ટકાના વ્યાજદરની ચૂકવણીથી ૨૪૦.૪૯ કરોડનો બોજ આવશે. જ્યારે વર્તમાન નાણાંકીય વર્ષ માટે પીએફ થાપણો પર ૮.૫ ટકા વ્યાજદરથી ૪.૧૩ કરોડની રકમ સરપ્લસ રહેશે. સૂત્રોનું કહેવું છે કે સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટી (સીબીટી)ની મિટીંગમાં આવતીકાલે અન્ય કેટલાક પાસા ઉપર પણ ચર્ચા કરવામાં આવી શકે છે. જો કે આ ખૂબ જ સંવેદનશીલ મામલો હોવાથી આ અંગે ઉતાવળમાં કોઈ નિર્ણય કરાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. આવતીકાલની મિટીંગમાં વર્તમાન નાણાંકીય વર્ષ માટે વ્યાજદરની ચૂકવણીના મુદ્દા ઉપર ચર્ચા થશે. ૧૫મી ફેબ્રુઆરીના દિવસે યોજાયેલી એફઆઈસીની બેઠકમાં યુનિયન લીડરોએ વર્તમાન નાણાંકીય વર્ષમાં વ્યાજની ચૂકવણીના સંદર્ભમાં આ

મુદ્દા ઉપર વાત કરવાનો ઈન્કાર કર્યો હતો. કારણ કે આ મુદ્દે એજન્ડા નોટ આપવામાં આવી ન હતી. ઈપીએફઓનો અંદાજ ૨૫મી ફેબ્રુઆરીના દિવસે એટલે કે આવતીકાલે મળનારી સીબીટીની મિટીંગ સમક્ષ સીધી રીતે રજૂ કરાશે નહીં. નાણાં મંત્રાલય સાથે વાતચીત કર્યા બાદ સરકાર દ્વારા વ્યાજદર અંગે જાહેરનામું જારી કરવામાં આવશે. અલબત્ત ઈપીએફઓ દ્વારા આ વર્ષની શરૂઆતમાં વ્યાજદરની જાહેરાત કરાઈ હતી પરંતુ આ વખતે વિલંબ થયો છે. કારણ કે ટ્રેડ યુનિયનો દ્વારા વર્તમાન નાણાંકીય વર્ષ માટે વ્યાજદર અંગે નિર્ણય લેવા સીબીટીની વહેલી તકે મિટીંગની માંગ કરી રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ઈપીએફઓ દ્વારા વર્ષ ૨૦૧૧-૧૨ માટે તેના ગ્રાહકોને ૮.૨૫ ટકાના દરે વ્યાજદર ચૂકવ્યો હતો જે ૨૦૧૦-૧૧ માં આપવામાં આવેલા ૯.૫ ટકાના વ્યાજદર કરતા ઓછો વ્યાજદર છે.

તેલંગાણા અંગે બજેટ સત્રમાં નિર્ણય ન થાય તેવી શક્યતા

નવી દિલ્હી,તા. ૨૪

તેલંગાણા તરફી સંગઠનો તરફથી વ્યાપક દબાણ હોવા છતાં કેન્દ્ર સરકાર સંસદના હાલમાં ચાલી રહેલા બજેટ સત્ર દરમિયાન અલગ રાજ્ય માટેની માંગ અંગે કોઈપણ નિર્ણય કરવા ઈચ્છુક હોય તેમ દેખાતી નથી. બજેટ સત્ર ૧૦મી મે સુધી ચાલનાર છે. સરકારી સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે સરકાર અને કોંગ્રેસ પક્ષ સાથે આંતરિક ચર્ચા વિચારણા ચાલી રહી છે જેથી બજેટ સત્ર દરમિયાન આ સંવેદનશીલ મામલે કોઈ નિર્ણય કરવામાં આવે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. તેલંગાણા તરફી સંગઠનો આ સંબંધમાં ઝડપથી નિર્ણય લેવા કેન્દ્ર ઉપર દબાણ લાવી રહ્યા છે. પરંતુ સરકાર સૌથી પહેલા ગૃહના વર્તમાન સેશન દરમિયાન મહત્વપૂર્ણ ફાઈનાશિયલ બાબતોને હાથ ધરવાની યોજના ધરાવે છે જેથી તેલંગાણાને લઈને કોઈ વધુ ગૂંચવણ થાય તેમ તે ઈચ્છતી નથી. વર્ષ ૨૦૧૪માં સામાન્ય ચૂંટણી

યોજાનાર છે. સામાન્ય ચૂંટણી પહેલા આ સંબંધમાં કોઈ નિર્ણય લેવામાં આવી શકે છે.

હાલમાં કોઈ નિર્ણય લેવાશે નહીં. સંસદ સત્ર ચાલી રહ્યું છે ત્યારે આ મામલે ફરી ધાધલ ધમાલ થાય અને ગૃહની કાર્યવાહી ખોરવાઈ જાય તેવી ઈચ્છા સરકાર રાખતી નથી. સરકાર માને છે કે તેલંગાણા મામલે કોઈ પણ ઉતાવળીયા નિર્ણયથી અલગ ગોરખાલેન્ડ માંગ પણ ઊભી થઈ શકે છે. અલગ તેલંગાણાની રચનાનો મુદ્દો હાથ ધરાશે તો ગોરખાલેન્ડ સમર્થપો પણ મેદાનમાં આવી શકે છે અને નવી સમસ્યા ઊભી થઈ શકે છે. જો કે અલગ તેલંગાણા માટે જોરદાર રજૂઆત થઈ રહી છે.

એનસીપીના વડા શરદ પવાર આ મામલામાં વિલંબ અંગે વડાપ્રધાન મનમોહનસિંહ સમક્ષ રજૂઆત કરી ચૂક્યા છે. આ મામલામાં વિલંબ યોગ્ય રહેશે નહીં. પવારનું કહેવું છે કે તેઓ વડાપ્રધાન સમક્ષ રજૂઆત કરી ચૂક્યા છે. હાલમાં આ મામલે ૨૭મી જાન્યુઆરી સુધી નિર્ણય મોકૂફ કરાયો હોત પરંતુ ત્યારબાદ આ મામલે કોઈ પ્રગતિ થઈ નથી.

ભાજપ પ્રમુખ રાજનાથસિંહની જાહેરાત

દક્ષિણ-ઉત્તરપૂર્વમાં ભાજપ પોતાની સ્થિતી મજબુત કરશે

નવી દિલ્હી,તા. ૨૪

ભાજપ પ્રમુખ રાજનાથસિંહે આજે કહ્યું હતું કે પક્ષ વધુ બેઠકો જીતવાના એનડીએના પ્રયાસોના ભાગરૂપે આગામી સામાન્ય ચૂંટણીમાં દક્ષિણી રાજ્યો અને ઉત્તર-પૂર્વ રાજ્યોમાં તેની સ્થિતીને મજબુત બનાવવા માટે કામ કરશે. રાજનાથસિંહે કહ્યું હતું કે કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકાર પાસેથી સત્તા આંચકી લેવાના તમામ પ્રયાસો કરાશે. આના માટે એનડીએ નવી રણનિતી પર કામ કરશે. એક મુલાકાતમાં તેમણે કહ્યુ હતું કે કર્ણાટકમાં અમારી સરકાર છે. ગયા વખતે કર્ણાટકમાં જેટલી બેઠકો જીતવામાં

આવી હતી તેટલી બેઠકો જીતવાના તમામ પ્રયાસો કરવામાં આવશે. આંધ્રપ્રદેશ અને તમિળનાડુમાં પણ ભાજપે તેનો દેખાવ સુધાર્યો છે. વધુ સારા દેખાવના પ્રયાસો કરાશે. ઉત્તરપૂર્વમાં પણ ગયા વખતે અમારા ચાર સાંસદો જીતી ગયા હતા. અમને આશા છે કે આ સંખ્યા ઘટશે નહી. આગામી સામાન્ય ચૂંટણીમાં દક્ષિણ અને ઉત્તર પૂર્વમાં એનડીએની સ્થિતી કેવી રહેશે તે અંગે પુછવામાં આવેલા એક પ્રશ્નના જવાબમાં રાજનાથસિંહે આ મુજબનો દાવો કર્યો હતો. ઘમા લોકો માને છે કે રાજ્યમાં ભાજપની અંદર આંતરિક ખેંચતાણના કારણે લોકસભાની ચૂંટણીમાં કર્ણાટકમાં પક્ષનો દેખાવ નબહળો રહેશે. આનાથી પક્ષની પ્રતિષ્ઠાને ફટકો પડી શકે છે.

આદિત્ય બિરલા, એલઆઈસીની પણ તૈયારી

બેંકીંગ લાયસન્સ મેળવવા માટે ડઝન કોર્પોરેટ હાઉસ સુસજ્જ

નવી દિલ્હી,તા. ૨૪

બેંકીંગ લાયસન્સ મેળવવા માટે કોર્પોરેટ અને પીએસયુ સંપૂર્ણપણે તૈયાર છે. આદીત્ય બિરલા ગ્રુપ, એમએન્ડએમ, એલએનટી, પીએફસી, એલઆઈસી અને ઈન્ડીયા પોસ્ટ સહીત મોટી કંપનીઓ બેંકીંગ લાયસન્સ મેળવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયાએ હાલમાં જ બેંકીંગ લાયસન્સ મેળવવા માટે અંતિમ માર્ગદર્શિકા જારી કરી હતી. ત્યારબાદથી જ કોર્પોરેટ હાઉસ અને ટોચની કંપનીઓ માટે બેંકીંગ ક્ષેત્રમાં પ્રવેશ કરવા માટેનો માર્ગ મોકળો થઈ ગયો છે. બેદિવસ અગાઉ જ નવા બેંકીંગ લાયસન્સ મેળવવા માટે સર્વગ્રાહી માર્ગદર્શિકા જારી કરવામાં આવ્યા બાદ આરબીઆઈએ કહ્યું હતું કે, રસ ધરાવતી કંપનીઓ ૧ જુલાઈના દિવસે તેમની અરજીઓ દાખલ કરી શકે છે. બેંકીંગ ક્ષેત્રમાં એન્ટ્રી કરવા ઈચ્છુક અન્ય કંપનીઓમાં આઈએફસીઆઈ, શ્રીરામ ગ્રુપ, રેલીગર, એડીએ ગ્રુપ, ઈન્ડીયા ઈન્ફોલાઈન, ઈન્ડીયા બુલ્સ લિમિટેડ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રી, ટાટા ગ્રુપનો સમાવેશ થાય છે.

આ તમામ કંપનીઓ બેંકીંગ ક્ષેત્રમાં એન્ટ્રી કરવાને લઈને હાલમાં મૌન છે. પરંતુ આ કંપનીઓ બેંકીંગ લાયસન્સ મેળવવા માટે તમામ શરતોને સરળતાથી પાળી શકે તેવી સ્થિતિમાં છે. પાવર ફાઈનાન્સ કોર્પોરેશનના ચેરમેન અને મેનેજીંગ ડીરેકેટર સતનામ સિંહે કહ્યું છે કે, કંપની આગામી બોર્ડ મિટીંગમાં બેંકીંગ ક્ષેત્રમાં પ્રવેશ કરવા માટે મંજુરીની માંગ કરશે. બન્ને કેટેગરીમાં અમે શરતો પાળી શકવાની સ્થિતિમાં છીએ. લાર્સન એન્ડ ટુબ્રોના પ્રવક્તાએ કહ્યું છે કે, ગ્રુપ નવા બેંકીંગ લાયસન્સ માટે અરજી કરવામાં રસ ધરાવે છે. ધારા ધોરણો અંગે વાત કરતાં નોન બેંકીંગ ફાઈનાન્સ કંપની શ્રીરામ કેપિટલના ચેરમેન અરુણ ડુગ્ગલે કહ્યું છે કે, આરબીઆઈ સર્વગ્રાહી માર્ગદર્શિકા ઉપર આવી શકે છે. અમે પણ બેંકીંગ ક્ષેત્રમાં પ્રવેશ કરવાની યોજના ધરાવીએ છીએ. બેંકીંગ ક્ષેત્રમાં પ્રવેશ કરવા ગ્રુપને મુડીની જરૂર હશે. ધારા ધોરણો મુજબ કોઈપણ કંપનીને બેંકીંગ ક્ષેત્રમાં એન્ટ્રી કરવા માટે ઓછામાં ઓછા દસ વર્ષના ટ્રેક રેકોર્ડની જરૂર પડશે. બેંક શરૂ કરવા માટે લઘુત્તમ મુડી ૫૦૦ કરોડ રૂપિયા રાખવામાં આવી છે.

સેતૂસમુદ્રમ અંગે સરકાર સામે આકરા પ્રહારો થયા

નવી દિલ્હી,તા. ૨૪

સેતુસમુદ્રમ પ્રોજેક્ટ સાથે આગળ વધવાની તેના વલણના મામલે યુપીએ સરકાર સામે આકરા પ્રહારોની શરુઆત થઈ ચુકી છે. આ મામલે રાજકારણ આગામી દિવસોમાં રમાય તેવી શક્યતા છે. આર કે પચોરી કમેટીના અહેવાલમાં સેતુસમુદ્રમ પ્રોજેક્ટ સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હોવા છતાં આ પ્રોજેક્ટ સાથે આગળ વધવાના યુપીએ સરકારના વલણ મામલે ભાજપે કોંગ્રેસ સરકારની આકરી ટીકા કરી છે અને કહ્યું છે કે, કેન્દ્ર સરકારે ભારતીય લોકો સામે એક પ્રકારનું પરોક્ષ યુદ્ધ છેડી દીધું છે. સરકાર બીનજરૂરી રીતે વિવાદ ઉભા કરવાની યોજના ધરાવે છે. આવા પ્રકારના પગલાં લઈને કોમવાદી આધાર ઉપર દેશને વિભાજીત કરવા અને ધ્રુવીકરણની દિશામાં આગળ વધવાના સરકાર પર આક્ષેપ કરીને ભાજપના વરિષ્ઠ નેતા અને રાજ્યસભાના સાંસદ બલબીરપુંજે કહ્યું છે કે, તેમની પાર્ટી આ નિર્ણય સામે લડત ચલાવશે.

ચેન્નઈ ટેસ્ટમાં ધોની, કોહલીની શાનદાર બેટીંગથી ચાહકો ખુશ

ચેન્નઈ,તા. ૨૪

ચેન્નઈના ચેપોક મેદાન ઉપર રમાઈ રહેલી પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચના ત્રીજા દિવસે રમત બંધ રહી ત્યારે ભારતે આઠ વિકેટે ૫૧૫ રન બનાવ્યા હતા. આની સાથે જ ભારતે ઓસ્ટ્રેલિયા ઉપર ૧૩૫ રનની લીડ મેળવી લીધી છે અને તેની બે વિકટ હજુ પણ હાથમાં છે. જેથી ભારતીય ટીમે તેની સ્થિતિ અતિમજબુત બનાવી લીધી છે. આવતીકાલની રમત નિર્ણાયક સાબિત થઈ શકે છે. આજે ત્રીજા દિવસે ભારતીય બેટ્સમેનો છવાયેલા રહ્યા હતા.

ભારત તરફથી બે બેટ્સમેનોએ સદી ફટકારી હતી. જ્યારે સચિન તેંદુલકર ૮૧ રન બનાવી આઉટ થઈ જતાં ચાહકોમાં નિરાશા ફેલાઈ ગઈ હતી. સચિન ૧૫૯ બોલમાં સાત ચોગ્ગા સાથે ૮૧ રન બનાવી લિયોનની બોલિંગમાં બોલ્ડ આઉટ થયો હતો. ત્યારબાદ કોહલી અને ધોનીએશાનદાર બેટીંગ કરી હતી. કેપ્ટન ધોનીએ અણનમ બેવડી સદી ફટકારી હતી. ધોનીએ ૨૨ ચોગ્ગા અને ૫ છગ્ગાની મદદથી ૨૪૩ બોલમાં ૨૦૬ રન ફટકાર્યા હતા. જ્યારે કોહલી ૧૫ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૧૦૭ રન બનાવી આઉટ થયો હતો. ઓસ્ટ્રેલિયાના બોલરો ભારતીય બેટ્સમેનોને અંકુશમાં લેવામાં સફળ રહ્યા ન હતા. પેટિન્સને સૌથી વધુ ચાર વિકેટ ઝડપી હતી. ઓસ્ટ્રેલિયન ટીમના બોલરોએ વિકેટ લેવા માટે ભારે મહેનત કરી હતી. પરંતુ નિયમીત રીતે સફળતા મળી ન હતી. આજે ધોની મુખ્ય આકર્ષણ રહ્યો હતો તેની બેટિંગ જોઈને ચાહકો રોમાંચિત થઈ ગયા હતા.

ટુજી ટેપ કાંડ : સીવીસી ટુંકમાં હેવાલ સોંપી દેશે

નવી દિલ્હી,તા. ૨૪

સેન્ટ્રલ વિજીલન્સ કમિશન (સીવીસી) ટુંક સમયમાં જ સુપ્રીમ કોર્ટ સમક્ષ ટુજી કૌભાંડમાં તપાસ અંગે સ્ટેટસ રિપોર્ટ રજુ કરશે. આ ઉપરાંત કેસમાં આરોપી અને પ્રોસીક્યુશન વચ્ચે કહેવાતી વાતચીત અંગે વિવાદાસ્પદ ઓડીયો ટેપ પ્રશ્ને પણ અહેવાલ રજુ કરવામાં આવશે.

સીબીઆઈના અધિકારિઓ હાલમાં જ સીવીસીના અધિકારિઓને મળ્યાં હતાં અને વર્ષ ૨૦૦૮માં ચોક્કસ ટેલિકોમ કંપનીઓને બીજી પેઢીના સ્પેક્ટ્રમની ફાળવણીના મામલામાં ચાલી રહેલી તપાસના અંગે માહિતી આપી હતી. આ મામલામાં સુનાવણી ચલાવી રહેલી સુપ્રીમ કોર્ટે સ્ટેટસ રિપોર્ટ રજુ કરવા સીબીઆઈના અધિકારિઓને આદેશ કર્યો હતો. કેસમાં તેની તપાસ અંગે અહેવાલ રજુ કરવા સુચના આપવામાં આવ્યા બાદ સીબીઆઈ અને સીવીસીના અધિકારિઓ એકબીજા સાથે વાતચીત કરી રહ્યા હતા.

હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

કચ્છના વિનાશક વાવાઝોડા વખતે અને ઐતિહાસિક ભૂંકપ વખતે હું અચૂક એની મુલાકાતે દોડી ગયો છું. કંડલામાં વાવાઝોડાને કારણે વેરાયેલા વિનાશનો અહેવાલ મેળવવા તત્કાલીન મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે માહિતી ખાતા મારફત મારા કચ્છપ્રવાસની વ્યવસ્થા કરાવી હતી. ત્યારે પણ કંડલા અને અંજાર ઉપરાંત 'કચ્છમિત્ર'ના કાર્યાલયની મુલાકાત તો લીધેલી જ. ભૂકંપ ગ્રસ્ત ભૂજની મુલાકાત કેન્દ્રીય મંત્રી કાશીરામ રાણા સાથે લીધી હતી. તે વખતે 'કચ્છમિત્ર' કેડ બાંધીને ધરાશાયી થઈ ગયેલા કચ્છને બેઠું કરવા કામે લાગી ગયું હતું. એવા પ્રતિકૂળ સંજોગોમાં પણ એનું અને એના કર્ણધાર કીર્તિ ખત્રીનું ખમીર ઓસર્યું નહોતું. બલકે એ જીવસટોસટ પડકાર એમણે બમણી તાકાત સાથએ ઝીલી લઈ અનેરું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. કચ્છની માટીમાં જ કશુંક ચમત્કારિક તત્વ છે. આપણે એને ધરતીની જિજીવિષા તરીકે ઓળખી શકીએ. આ જિજીવિષા દરેક કચ્છીમાં ઊતરી છે, એ એનાં 'જિન્સ' સાથે ઓતપ્રોત બની રહી છે. કયારેય હાર નહીં સ્વીકારવાની વૃત્તિ- વિજિગીષા પણ કચ્છની માટીમાં ઓળઘોળ થઈ ગઈ છે. દુનિયામાં કચ્છ એકી સ્વયંભૂ યુનિવર્સિટી બની રહ્યું છે: જીવવાની અને જીતવાની જડીબુટ્ટી એને જડી ગઈ છે!

કીર્તિ ખત્રી એના ખુમારી અને ખુદ્દારી ભર્યા કચ્છત્વના પ્રતીક પુરુષ છે. ડિસ્ટ્રિકટ ન્યૂઝ પેપર હોવા છતાં 'કચ્છમિત્ર' આપણાં મોટાં અખબારો કરતાં અનેક મુદ્દે ચડિયાતું સાબિત થયું છે. તંત્રી અખબારનો આત્મા ગણાય. કીર્તિ ખત્રીએ દૃષ્ટિએ ગુજરાતી પત્રકાર જગતના શ્રેષ્ઠ તંત્રી છે. માંડવી ખાતે 'મનાંકન' પ્રેરિત પારિજાત એવોર્ડ પ્રસંગે મને સમારંભના અતિથિ વકતા તરીકે અને એવોર્ડ વિજેતા તરીકે નોતરવામાં આવ્યો તે પ્રસંગે કીર્તિ ખત્રીએ જ અધ્યક્ષપદ શોભાવ્યું હતું. સાથે ઈતિહાસવિદ્ સર્જક વિષ્ણુ પંડયા અને નવકથાકાર ધીરેન્દ્ર મહેતાનું સાંનિધ્ય હતું. 'મનાંકન'ના કર્મધાર માણેકલાલ પટેલ અને ઓછુંઆયુષ્ય લઈ અવતરેલા એ રૂપકડાં સાહિત્યિક સામયિકનાં યુવા તંત્રી નીપા ઠક્કર માટે એ સમારોહ એમની કારકિર્દીનું સીમાચિહ્ન બની રહ્યો. તે વખતે માંડવી મને કચ્છની યશકલગી જેવું વરતાયેલું. મૂળે માંડવી જ ખત્રીનું વતન. ભુજ કરતાં એની અલગ અને આગવી તાસીર. શ્રીમતી ખત્રી પણ ત્યાં મળ્યાં તે માફ. પછી એમનાં ઘરે જઈ ગોઠડી માંડવાનું એ દંપત્તીનું ઈજન તો આજપર્યંત ઊભું જ રહ્યું છે!

પરંતુ કિર્તીભાઈના વરદ હસ્તે પારિજાત એવોર્ડ સ્વીકારવાના આનંદથી અદકેરો આનંદ મળે એમને કશાય કારણ વગર મળવામાં મળતો રહ્યો છે. અગાઉ નોંધ્યું એમ મને એમનામાં હરહંમેશ એક વણજોયેલા વાર્તાસમ્રાટ ધબકતા વરતાયા છે. કીર્તિભાઈ કચ્છી સાહિત્ય અકદામીના અધ્યક્ષ નિમાયા અને એમણે એ કામ પણ જવાબદારીપૂર્વક પાર પાડ્યું. એમણે કવિ 'તેજ', 'અશ્ક' અને બીજા કચ્છી સર્જકોનું બહુમાન કરાવ્યું. હું માતાના મઢે ફક્ત આશાપુરાનાં દર્શન કરવા નથી જતો. મને ત્યાં વસતાં કચ્છી કવિ 'અશ્ક'નું આકર્ષણ પણ રહ્યાં કરે છે. એક વાર કીર્તિભાઈએ જ કવિરાજને મારા આગમનની સૂચના પહોંચાડી હતી આ જૈફ વયે મને શોધતાં શોધતાં કોટેશ્વરનાં પ્રવાસન નિગમનાં અતિથિગૃહમાં મળવા આવેલાં.

જયંત ખત્રીની શતાબ્દી પ્રસંગે એમની ચુનંદી વાર્તાઓનો હિંદી અનુવાદ કરાવવા માટે મેં કીર્તિભાઈને વારંવાર ટપાર્યાં હતા. મારી મંશા એ વાર્તાઓનું ભારતીય જ્ઞાનપીઠ મારફત પ્રકાશન કરાવવાની હતી. બહેન શરીફા વીજળીવાળાએ જયંત ખત્રીના સમગ્ર સાહિત્યનું સંકલન - સંપાદન કર્યું છે અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા એ પ્રકાશિત થયું છે. મેં એ ગ્રંથ અકાદમીના મહામાત્ર શ્રી હર્ષદ ત્રિવેદી પાસેથી સામે ચાલીને માગી લીધો હતો. જો જયંત ખત્રી જેવા મેધાવી વાર્તાકારને પણ આપણએ હિંદી - અંગ્રેજીમાં ન પહોંચાડી શકીએ તો આપણું 'ગુજરાતી' હોવું જ નિરર્થક ગણાવું જોઈએ. એમની 'ધાડ' વાર્તાનો વિસ્તાર કરી વીનેશ અંતાણીએ પૂર્વસૂરિનું તર્પણ તો કર્યું, પણ એના પરથી ઊતરેલી ફિલ્મનું શું થયું? કીર્તિ ખત્રી કરતાં એ મુદ્દે વિશેષ ભોંઠપ આપણે સૌને કીર્તિ ખત્રી એમના પ્રતાપી પિતાનું કદ ભલે ન ધરાવતાં હોય, એમણે પિતાની ઝુઝારૂં જીવનશૈલી અને વિચારધારાની સરખામણીએ વધુ આરામદાયક, સુંવાળા વિકલ્પો સ્વીકાર્યા હોય તે પણ બનવાજોગ, પરંતુ એમનો માંહ્યલો હજી સાબૂત છે. એની પ્રતીતિ મને વારંવાર એમની સાથેનાં વાર્તાલાપમાં થતી રહી છે. છેલ્લે એક વાર હું કુન્દલલાલ ધોળકિયાને મળવાની મંશા સાથે ભુજ ગયેલો. દિવંગત નેતા સાથે પત્રવ્યવહાર અને ફોનચર્ચાનો સંબંધ સ્થપાયેલો. એમણે મને રૂબરૂ મળવાની ઈચ્છા પ્રગટ કરી હતી અને ઉમેર્યું હતું કે અવસ્થા થઈ ગઈ હોય ઘેર છોડીને નીકળી શકાતું નથી. એમનાં તમામ ઉપલબ્ધ પ્રકાશનો એમને મને ગાંધીનગરના સરનામે પહોંચાડ્યાં હતાં. મને થયા કરતું હતું કે એકવાર એમને ભુજ જઈ મળી આવું. ઈંદ્રપ્રસ્થની જનશિક્ષણ સંસ્થાની બેઠક નિમિત્તે તક મળતાં જ હું ભુજ પહોંચ્યો. કુન્દનલાલ યાદ આવ્યાં. સીધા જવું એ કરતાં 'કચ્છ મિત્ર'ના તંત્રી પાસે ફોન કરાવીને જવાનું વધારે સલાહભર્યું લાગ્યું. આમેય મારી સાથે હાથવગું સરનામું પણ નહોતું. મારી તો ખાતું જ રેઢિયાળ.

કીર્તિભાઈને વાત કરી કે કુન્દનલાલ ધોળકિયાને મળવું છે. તરત જ વ્યવસ્થા ગોઠવાઈ ગઈ. 'કચ્છમિત્ર'ની જ ગાડી મને કુન્દનલાલ ધોળકીયાના ઘર સુધી પહોંચાડી ગઈ. એ પછી માંડ ત્રણેક મહિના બાદ એમનું અવસાન થયું હતું. મરતાં પહેલાં એમનાં યાદગાર ગ્રંથ 'સમયનાં સથવારે ગુજરાત'ની નવી - સંવર્ધિત આવૃત્તિ છપાયેલી જોવા ઈચ્છતા ભૂતપૂર્વ સ્પીકરે હૈયું ખોલીને કેટકેટલી વાતો કરી હતી!

- કીર્તિભાઈ એ યાદગાર મુલાકાતનું નિમિત્ત બન્યા, એ પણ શું સૂચન નથી?

- કેશુભાઇ દેસાઇ

સંત શિરોમણી રોહિદાસજીની જન્મજયંતિ

(પાના નં. ૪ નું ચાલુ)

શીખધર્મના સ્થાપક, સિધ્ધસંત ગુરૂનાનક દેવે પોતાના એક પદમાં શ્રધ્ધાપૂર્વક રોહિદાસનો ઉલ્લેખ કરીને કહ્યું છે :

'રોહિદાસ ચમારૂં ઉસ્તુતિ કરે, હર કિ રીતી નિમખ કઇ ગાઇ,
પતિત જાતિ ઉત્તમ ભયા, ચારો વરણ પયે પગિ આઇ.
રવિદાસ ધ્યાયે પ્રભુ અનુપ, નાનક ગોવિંદરૂપ.'

(ચારે વરણનાં લોકો રવિદાસનાં પગમાં પડીને સ્તુતી કરે છે, કારણ કે તે જ્ઞાની અને પ્રતિભાવાન હતા.)

કબીરજીએ પ્રશંસા કરતાં કહ્યું છે :

'સાધુનમેં રવિદાસ સંત હૈ, સુપચઋષિ કો માનિયા,
હિન્દુ તુરત દુઇ દીન હૈ, કુછ નાહિ પહચાનિયા,'

રોહિદાસ કબીરજીને ગુરૂતુલ્ય અને મોટાભાઈ માનતા હતા. કબીરે તો રોહિદાસની સરખામણી ભક્ત પ્રહલાદ અને શુકદેવજી સાથે કરીને કહ્યું છે :

નિરમલ નિરભરે તેરે આગે,
પીલે શ્વાસોશ્વાસ.
મૃગતુષ્ણા જલછાંવ બાવરે, કરો સુધારસ આશા.
ધ્રુવ, પ્રહલાદ, શુકદેવ પિયા ઔર પિયા રવિદાસા.'

સંત સૈનાએ તેમના પદમાં કહ્યું છે :

'વેદ હી જૂઠા, શાસ્ત્ર હી જૂઠા, ભક્ત કહાં સે પિછાની?
જયાં જયાં, બ્રહ્મ તેહી જૂઠા, ગરૂ ચહે જબ વિષ્ણુ આયા,
સાચ ભક્ત મેરે દોહિ, ધન્ય કબીર, ધન્ય રવિદાસ; ગાવે સૈના નાઇ'

સંત કવયિત્રી મીરાંબાઈએ ગુરૂપદે સ્થાપી, દિક્ષા લઈને એમનું સન્માન કર્યું હતું અને ભજનમાં ગાયું હતું :

'મેરા મન લાગો ગુરૂસૌં, અબ ન રહૂંગી અટગી.
ગુરૂ મિલિયા રૈદાસજી, દિન્હી જ્ઞાનકી ગુટકી.
રૈદાસ મોહે મિલે સદ્ગુરૂ, દિન્હી સુરત સુહદાકી,
મીરાં કે પ્રભુ તેહી સ્વામી, શ્રી રૈદાસ સત્ ગુરૂજી.'

મહારાષ્ટ્રના પ્રસિધ્ધ સંત એકનાથે રવિદાસના જ્ઞાન વિષે ગાયું છે :

'રોહિદાસ ચમાર સબકુછ જાને, કઠોરે ગંગા દેખી.'

સ્વામી હરિદાસે પોતાની શૈલીમાં ગાયું છે :

'જન રવિદાસ નીચ કુલ ઊંચા, તાકૂં તીનલોક સબ જાણે રે'

સંત દાદુએ કહ્યું છે કે, રોહિદાસ તો રામ અને રહિમ જેવા છે :

'રામ રહિમ કહિ રામ સમાંના,
જન રવિદાસ મિલે ભગવાના.'

રવિદાસજીએ સગુણ અને નિર્ગુણના દૃષ્ટિભેદને સ્પષ્ટ કરતાં કહ્યું છે :

'રવિદાસ સુ કરમન, સૌ નીચ ઊંચ હોજાએ,
કરહ કુકરમ ઊંચલી, તો મહાનીચ કહલાએ.'

તેમણે આદર્શ રાજયની કલ્પના કરતાં કહ્યું છે :

'ઐસા ચાહું રાજ મેં, મિલે સભન કો અન્ન,
છોટે બડે સંગ રહે, રૈદાસ રહે પ્રસન્ન!'

સાચા ક્ષત્રિય માટે કહ્યું છે :

'દીન, દુઃખી કે હિત જઉ, વારે અપને પ્રાણ
રવિદાસ ઉસ નર સૂર કો, સાંચા ક્ષત્રી જાન.'

તેઓ કહેતાં કે, બધા જ લોકો એક જ જ્યોતીમાંથી પેદા થયા છે. કોઈ બ્રાહ્મણ નથી, કોઈ ચાંડાલ નથી કે કોઈ ઊંચ-નીચ નથી. જાતિપાતિ એક રોગ છે અને તેમાં માનનારો એક સામાજિક રોગી છે. તેમણે દોહાઓમાં કહ્યું છે :

'બ્રાહ્મ અરૂં ચંડાલ મહિં, રવિદાસ નહં અંતર જાન,
સભ મંહ એક હિ જ્યોતિ હૈ, સબદાટ એક સમાન.'
'જન્મ-જાત મત પૂછિયે, કા જાત અરૂપાત
રવિદાસ પૂત સભ પ્રભુ કે, કોઉ નાહીં જાન-કુજાત.'
'જબ સબ હરિ દોઉ હાથ-પગ, દોઉં ને, દોઉ કાન,
રવિદાસ કૈસે પૃથક ભયે, હિન્દુ-મુસલમાન?'
'રવિદાસ જનમ કે કારણે, હોઉં ન કોઇ નીચ,
નરકૂ નીચ કરી ડારિ હે, ઔછે કરમ કી કીચ.'

તેમણે સમાજને દેવતા અને અંધશ્રધ્ધામાંથી બહાર લાવવા અને જાતિભેદ - અસ્પૃશ્યતાનો અંત લાવવા વિદ્રોહ કરવા કહ્યું છે :

'પરાધીનતા પાપ હૈ, જાન લેઉ રે મીત
રવિદાસ દાસ પરાધિન સૌ, કોન કરે હૈ પ્રિય!'

તેઓ નિર્ગુણ ઉપાસક હોઈ, તેમનું મંદિર 'મન' હતું.તેઓ જાતે કમાઈ ગુજરાતન ચલાવતા અને ખુદની કમાણીથી પરિવારનું પોષણ કરી, ગૃહસ્થી ધર્મ નિભાવતા. તેઓ આંતરમનને રામ કહેતા અને તેથી કહ્યું છે :

'રવિદાસ હમારો રામજી, દશરથ કરી સુત નાહિ,
રામ હમઉં મહીં રમી રહ્યો, બિસબ કુટુંબમાહિં.'

તેઓ સત્યના આગ્રહી હતા આથી સત્યને જ ધર્મ માનતા :

'રવિદાસ, સત મન છાંડિયે, જૌ લગ ઘટમેં પ્રાણ,
દૂસરો કોઇ ધરમ નાંહિ, જગમંહિ સત્ત સમાન.'

**તેઓ અંધવિશ્વાસના વિરો